# સરકારશ્રી દ્વારા નિકાસકારોને વ્યાજ સંતુલન યોજના હેઠળ પાઠવવામાં આવતી નાણાકીય સવલત બંધ કરાતા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ના ઉપપ્રમુખશ્રી પાર્થ ગણાત્રા દ્વારા વાણિજ્ય મંત્રાલયને કરવામાં આવેલ જોરદાર રજુઆત...

નિકાસ ઉદ્યોગને વેગ આપવા તથા વિકાસશીલ રાખવા કેન્દ્રીય મંત્રાલય દ્વારા સતત જાગૃતિ દાખવવામાં આવે છે. તેમજ જરૂરી કાર્યવાહી હાથ ધરાય છે. જેના ભાગ રૂપે ગત તા.૧-૪-૨૦૧૫ થી નિકાસકારો તેમના દ્વારા કરવામાં આવેલ નિકાસ યોજના અંતર્ગત ૫% વ્યાજ સમતુલન રાહત મેળવી શકતા.

સરકારશ્રી દ્વારા ઉપરોકત યોજના જે ગત તા.૩૧-૩-૨૦૨૦ ના રોજ પુરી થયેલ છે. તેને લંબાવવા સબબ કોઈ કાર્યવાહી ન કરવાને કારણે રાજકોટ ચેમ્બર ઉપપ્રમુખશ્રી પાર્થ ગણાત્રાએ કેન્દ્ર સરકારના વાણિજિયક મંત્રાલયના વિગતસર અને સ્પષ્ટ રજુઆત કરેલ છે. કોરોના મહામારીના પ્રવર્તમાન અને પસ્ચાદ ભયંકર અસરો અને આવી પડનારી યાતનાઓ અને તીવ્ર નકારાત્મક આર્થીક વિલંબનાઓનો યોગ્ય સામનો કરવા માટે તમામ એકમોને યોગ્ય આર્થીક સહાય આપવા માટે આતંરરાષ્ટ્રીય નાણા ભંડોળ જેવી વૈશ્વિક સંસ્થાના અધિકૃત આંકડાઓ સાથે રજુઆત કરેલ છે. વ્યાજ સમતુલન યોજનાના લાભો પુન:સ્થાપિત કરવા દલીલસભર રજૂઆતો કરવામાં આવેલ છે. તમામ નિકાસકારોની વ્યાજબી અને ન્યાય સંગત માંગણીઓની યોગ્ય, સચોટ અને સાર્થક રજૂઆતો કરી શકાય તે માટે તમામ નિકાસકારોને એકજૂથ થઈ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીનું સભ્યપદ મેળવી સામુહિક સંધબળનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂ પાડવા તમામ નિકાસકારોને જાહેર અપીલ કરવામાં આવે છે.